**નોકરી ન્યૂઝ** | મ.સ.યુનિવર્સિટી ખાતે આયોજન

# એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યૂરોમાં ભરતી મેળો

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

યુનિવર્સીટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરોમાં રોજગાર ભરતી મેળો અને અનુબંધમ નામ નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

યુનિવર્સીટી ગેસ્ટ હાઉસની બાજુમાં ચમેલીબાગ ખાતે તા 26મેના રોજ સવારે 10 વાગે મેળો યોજાશે. મેળામાં એમ.એસ.ડબ્લયુ, એમ.બી.એ. (ફાઈનાન્સ/માર્કેટીંગ), બી.ઈ/એમ.ઈ (ઈલેકટ્રીકલ/ઈલેકટ્રોનીક એન્ડ કોમ્યુનીકેશન/મિકેનીકલ) લાયકાત ધરાવતા અનુભવી અને બિન અનુભવી 20થી 35 વર્ષના સ્ત્રી-પુરુષ માટે વડોદરા, સુરત, અંકલેશ્વર અને અમદાવાદના સ્થળ પર એન.જી.ઓ તેમજ કોર્પોરેટ ઈન્ડસ્ટ્રીયલ સેલ્સના જોબ રોલ માટે ઈન્ટરવ્યુ લેવામાં આવનાર છે. તેમજ હાજર રહેલા ઉમેદવારોને વિદેશ રોજગાર અને અભ્યાસ સેફ લીગલ માઈગ્રેશન તેમજ સ્વરોજગાર અને એન્ટરપ્રેન્યોર અંગે માર્ગદર્શન અપાશે. ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવેલું નથી તેવા ગ્રેજ્યુએટ પછીની લાયકાત ધરાવતા માસ્ટર, પી.એચ.ડી, બી.ઈ., એમ.ઈ., બી.એસ.સી. નર્સીંગ જેવા ચાર વર્ષના ટેકનીકલ ડીગ્રી તેમજ મેડીકલ કોર્ષ પી.જી. ડીપ્લોમા માટે નામનોંધણી કેમ્પ કરાશે.